# ચૂંટણી આચાર સંહિતાના દિવસોમાં પી.એચ.ડી. મુદ્દે આંદોલન નિરર્થક

## સ.પ. યુનિવર્સિટીના કુલપતિને તટસ્થ રીતે વર્તવા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની સલાહ

વલ્લભ વિદ્યાનગર, તા.૧૦

સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રાંગણમાં ચૂંટણી આચારસંહિતાના અમલના દિવસોમાં જ એક રાજકીય પક્ષસંલગ્ન વિદ્યાર્થી સંગઠન દ્વારા પી.એચ.ડી.ની ફીના મુદ્દે ચલાવવામાં આવતા આંદોલનને રાજય સરકાર નિયુકત કુલપતિ દ્વારા પ્રોત્સાહન પુરું પાડવામાં આવતું હોય એવું વાતાવરણ સર્જાયું હોવાનું જણાવવા ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે સ્પષ્ટ કર્યું હતું કે કુલપતિશ્રીએ પોતાની ગરિમા જાળવીને તટસ્થ અધિકારી તરીકે સમગ્ર પ્રકરણમાં વર્તવાની જરુર હતી. એના બદલે યુનિવર્સિટીની સ્થાપનામાં પાયાની ભૂમિકા ભજવનાર અને અત્યારે પણ શિક્ષણની સાચી દિશામાં કાર્યરત એવા ચારુતર વિદ્યામંડળની વગોવણી કરવાના પ્રયાસોને તેઓ સમર્થન આપતા હોય એવી છાપ ઉપસી રહી છે તે સમગ્રપણે શિક્ષણજગત માટે ઘાતક છે.

છેલ્લા કેટલાક દિવસથી કોંગ્રેસ પ્રેરિત વિદ્યાર્થી સંગઠન દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીએ માન્ય કરેલી પીએચડીની ફી ના વિરોધમાં આંદોલન ચલાવાઈ રહ્યું છે. કુલપતિશ્રી આંદોલનકારીઓનાં આવેદનપત્રો સ્વીકારતાં તસવીરો પડાવવા ઉપરાંત પોતે ફી વધારાની સાથે અસંમત હોવાનાં નિવેદનો કરી રહ્યા છે. ખાસ કરીને ચારુતર વિદ્યામંડળ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાને બદનામ કરવાના કાવતરારૂપ આંદોલન ચલાવાઈ રહ્યું હોય ત્યારે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે પોતે મૌન ન રહી શકે એવું જણાવતાં ડૉ. સી.એલ. પટેલે સ્પષ્ટ કર્યું હતું કે હવે તો આવાં આંદોલનોને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પણ પ્રેરણા આપતા હોય તેવું લાગે છે. વિદ્યાર્થીઓને લગતી બાબતનું હિત સંસ્થા સંચાલકો સમજી શકે તેટલું સારી રીતે આંદોલનકારીઓ સમજી શકે નહીં અને આ આર્થિક બાબતો લાંબા સમયની અસરો ઉભી કરતી હોય છે અને સંસ્થાની કાર્યક્ષમતાને પણ અસર કરે છે.

સીવીએમના અધ્યક્ષ ડૉ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે સંબંધિત આંદોલન વાસ્તવમાં વિદ્યાર્થી આલમને ગેરમાર્ગે દોરીને ચારુતર વિદ્યામંડળની સંસ્થાઓ સામે ચલાવાઈ રહ્યું હોય એવું પણ દર્શાવાઈ રહ્યું છે. પીએચડી કરી રહેલા જૂના અને નવા વિદ્યાર્થીઓને માટે સીવીએમ સરખી માળખાકીય સુવિધાઓ અને રાહતના દરે ટેસ્ટીંગ સુવિધાઓ ઉલબ્ધ કરાવવાને કારણે તેમની પાછળ સરખો ખર્ચ કરતી હોવા છતાં તેમની વચ્ચે ભેદભાવ ઉભા કરવાની નીતિથી ફીનાં અલગ અલગ ધોરણો કરવાના અનુચિત પ્રયાસો થઈ રહ્યા છે. યુનિવર્સિટીની સ્થાપનામાં સીવીએમનું પાયાનું યોગદાન હોવા ઉપરાંત આજે પણ ચારુતર વિદ્યામંડળની સંસ્થાઓ સ.પ. યુનિવર્સિટીને મોરનાં પીંછાંની જેમ રળિયામણી રાખે છે એ ખ્યાલ રાખીને શિક્ષણની સાચી દિશામાં કામ કરતી સંસ્થાની વગોવણી થાય તેવા પ્રયાસોને બદલે ઉચ્ચશિક્ષણ અને ગ્રામીણ ઉત્થાનના સમાજલક્ષી અભિગમમાં કુલપતિ સહિતના મહાનુભાવો સહકાર આપે તેવી અપેક્ષા પણ ડૉ. પટેલે વ્યકત કરી હતી.



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા-પાટણ હાઈ-વે પર છેલ્લા કેટલાક સમયથી રોડને પહોળો કરવાનું કામ પુરજોશથી ચાલી રહ્યું છે. જેમાં શનિવારે કોઈટા નજીક આવેલ ઓવરબ્રીજ પાસે મેટલ અને રેતીના ઢગલા માર્ગમાં પાથરી દેવાતા કલાકો સુદી ટ્રાફિક ચક્કાજામ રહ્યો હતો અને વાહનોની કતારો બંને તરફ જોવા મળી હતી.

# મોટા સામેરા ગામે થયેલા ઝગડામાં હત્યા કરનારા બે જણાને આજીવન કેદની સજા

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પાસે આવેલા મોટા સામેરા ગામે એક ઈસમને વર્ષ ૨૦૦૮ માં રસ્તા બાબતે થયેલા ઝગડામાં હત્યા થયેલ જે અંગે શામળાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી જે અંગેનો કેસ શુક્રવારના રોજ ઈડર કોર્ટમાં ચાલી જતા કોર્ટે હત્યામાં બે જણાને આજીવન કેદની સજા ફટકારી હતી.

વિગત મુજબ ભિલોડા તાલુકાના મોટા સામેરા ગામે બાબુભાઈ મોધાભાઈ સુવેરાની જમીન આવેલી છે નજીકથી રસ્તો નીકળતો હતો. જે રસ્તો બાબુભાઈ સુવેરાએ બંધ કરી દીધેલ હતો. ત્યારબાદ ૧૮-૧૧-૦૮ના રોજ તેમના ખેતરમાં પાણી વાળવા માટે બાબુભાઈના પત્ની સવિતાબેન જતા હતા ત્યારે કંથારિયા જતા માર્ગ પરથી નાનજીભાઈ મરતાભાઈ ખરાડીના ઘર પાસેથી બાબુભાઈ દૂધ લઈને જતા હતા ત્યારે નાના સામેરા ગામના મગનભાઈ ખાતુભાઈ ખરાડી, હરીશભાઈ નાથાભાઈ ખરાડી અને જીવાભાઈ સોમાભાઈ ખરાડી, સિદ્ધરાજભાઈ સોમાભાઈ ખરાડી, દિલીપભાઈ સોમાભાઈ ખરાડી, વનરાજભાઈ સોમાભાઈ ખરાડી એ ભેગા મળી આવ્યા હતા ત્યારબાદ મગનભાઈ ખાતુભાઈ અને સિદ્ધરાજભાઈએ તલવાર વડે બાબુભાઈ મોધાભાઈ પર હુમલો કર્યો હતો. જેથી બાબુભાઈ ખરાડીને ગંભીર ઈજાઓ થઈ હતી. આ હુમલો થતા આજુબાજુનાખેતરના લોકો દોડી આવ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત બાબુભાઈ સુવેરાને ૧૦૮ દ્વારા સારવાર માટે શામળાજી સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા અને વધુ ગંભીર હોવાને કારણે અમદાવાદ સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. આ અંગેની ફરિયાદ શામળાજી પોલીસ મથકે મૃતક બાબુભાઈ સુવેરાના પત્ની સવિતાબેન એ નોંધાવી હતી. આ કેસ શુક્રવારના રોજ ઈડર ખાતે જજ શ્રી વી.કે. વ્યાસની કોર્ટમાં ચાલી ગયેલ જેમાં વકીલ સાહરભાઈ દેસાઈએ રજુ કરેલા પુરાવા અને દલીલો કોર્ટે ધ્યાને રાખીને મગનભાઈ ખાતુભાઈ ખરાડી અને સિદ્ધરાજભાઈ સોમાભાઈ સુવેરાને તકસીરવાન ઠરવી આજીવન કેદની સજા ફટકારી હતી અને પાંચ હજારનો દંડ અને દંડ ના ભરે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો હતો.

# કુશ્કલ-ચંડીસરને જોડતો ટુંકો માર્ગ દબાણમાં ગરકાવ

ડીસા, તા. ૧૦

પાલનપુર-ડીસા હાઈવે ઉપર આવેલ વેપારી મથક અને જી.આઈ.ડી.સી. ધરાવતા ચંડીસરથી કુશ્કલ ગામ જવાનો જૂનો અને ટુંકો માર્ગ દબાણ મુક્ત કરી પાકો બનાવવા ગ્રામજનોમાં માંગ ઉઠી છે. આ માર્ગ પાકો ન હોવાના કારણે ૫ કિ.મી. કરીને જવું પડે છે. જો રસ્તો પાકો બનાવાય તો ગ્રામજનો ઉપરાંત અપડાઉન કરતાં વિદ્યાર્થીઓને સમય અને આર્થિક રીતે ઘણી બચત થાય દબાણમાં ગરકાવ થઈ જવા પામ્યો છે. વર્ષો જૂના આ માર્ગને પાકો બનાવવામાં આવે તો કુશ્કલથી ચંડીસર અભ્યાસઅર્થે જતા વિદ્યાર્થીઓને અપડાઉનમાં ઘણી સરળતા રહે તેમજ સમયની અને પૈસાની પણ મોટી બચત થાય તેમ છે. જ્યારે હાલમાં વિદ્યાર્થીઓને બાદરપુરા થઈને જવું પડે છે. હાલમાં શિયાળાની સિઝનમાં વિદ્યાર્થીઓ નિશાળેથી અભ્યાસ પુરો કરી નિકળે ત્યારે અંધારૂ થઈ જતાં કાચા માર્ગે પેવર બનાવાય તેવી ગ્રામજનોની માંગ છે. આ રસ્તા ઉપર અનેક રાજકીય હસ્તીઓ તેમજ માલેતુજારોએ દબાણો કરી રસ્તો સાંકડો બનાવી દીધો છે. જેથી નાનુ વાહન પણ પસાર ન થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલમાં જિલ્લાના આંતરિયાળ ગામડાઓમાં પેવર રોડ બની ગયા છે. તો કુશ્કલ અને ચંડીસર જેવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે સંકળાયેલા ગામોના આ રસ્તાને દબાણો હટાવી જાહેર જનતા તેમજ બિમાર લોકોઅને



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

તેમ છે. ડીસા-પાલનપુર નેશનલ હાઈવે ઉપર આવેલા કુશ્કલ ગામ અને ચંડીસર બન્નેને જોડતો એકદમ ટુંકો અને જૂનો માર્ગ હાલમાં અંધારામાં નિકળવું પડે છે. જ્યારે કુશ્કલના ગ્રામજનો વર્ષોથી આરોગ્યલક્ષી સેવા માટે ચંડીસર જવું પડે છે. જેથી આ રસ્તો તાત્કાલિક વિદ્યાર્થીઓના ભાવિનો વિચાર કરી હાઈવેને જોડતો પાકો રસ્તો બનાવવો જોઈએ તેવી કુશ્કલ અને ચંડીસરના ગ્રામજનોની માંગણી છે.

# સવાપુરના એ નવ જવાનનો કોઈ પત્તો નથી

સલાલ, તા.૧૦

તલોદ તાલુકાના સવાપુર ગામનો દૂધ મલિયો યુવાન તા. ૧૩-૧૦-૧૨ને રોજ સરહદ ઉપર ફરજ બજાવવા ગયા બાદ આજ દિન સુધી કંઈ પત્તો ન મળતાં અનેક તર્ક વિતર્ક સાથે દ્વિધા થઈ છે.

તા. ૧૩-૪-૨૦૧૦ને રોજ ઈન્ડીયન ટીબટ બોર્ડર ફોર્સમાં જનરલ ડયુટીના કોન્સ્ટેબલ તરીકે ભરતી થયેલ ઝાલા સંજયસિંહ રણજીતસિંહ ઘેરથી નીકળી તા. ૧૪મી સાંજે જમ્મુ પહોંચ્યા ત્યાં પંદરમીએ હાજર થઈ ૧૬મી વહેલી સવારે સી.આર.પી.એફ.ની કાનવાઈમાં શ્રીનગર જવા નીકળ્યા. રસ્તામાં ૧૮૯ કિમીન અંતરે આવેલ-રામબન સ્ટેન્ડથી આ યુવાન ગુમ થયાના સમાચાર છે. આ બાબતે ફોન આધારે જાણ થતાં તેમના પિતા તથા સસરા અને અન્ય લોકો તેમના શ્રીનગરના કેમ્પમાં બટાલીયન ચીફ કમાન્ડીંગ ઓફિસર કર્નલ દેવન્દરસિંહને તથા શ્રીનગર પંથા ચોકના આઈ.પી.એસ. અધિકારી ડૉ. સુનિલ ગુપ્તા તથા આઈ.ટી.બી.પી.ના ડી.જી.ને દિલ્હી ખાતે મળી રજુઆત કરતાં ઘટતું કરવાની ખાત્રી આપેલ.

આ બાબતે સાબરકાંઠાના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણને મળી રજુઆત કરતાં તેઓએ લાગતા વળગતા અધિકારીઓનો ફોન ઉપર સંપર્ક કરી મદદરૂપ થવા ભલામણ કરેલ તથા ગૃહમંત્રી સુશીલકુમાર શીંદેને લેખિત રજુઆત કરેલ છે. છતાં આજ દિન સુધી કોઈ પત્તો ન મળતાં પરિવારજનોમાં ચિંતા જન્મી છે. ભાઈ સંજયસિંહ ઝાલાનું તાજેતરમાં તા. ૧૬-૪-૧૨ને રોજ પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના કનુસિંહ રાઠોડની દિકરી રંજનબા સાથે લગ્ન થયેલ છે.

# પાણી પુરવઠાના ડેપ્યુટી ઈજનેર ૫૦ હજારની લાંચ લેતા પકડાયો

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના બાયડ ખાતે આવેલ ગુજરાત પાણી પુરવઠા બોર્ડની કચોરીમાં ડેપ્યુટી ઈજનેર તરીકે ફરજ બજાવતા નીતિનભાઈ દેન્દ્રભાઈ મહેતાએ આ વિભાગમાં કોન્ટ્રાકટર તરીકે કામ કરતા શિરિષભાઈ પટેલએ અગાઉ કરેલા કામ સંદર્ભે ખાતામાં ભરેલી ડિપોઝીટની રકમ પરત લેવા માટે નીતીનભાઈનો સંપર્ક કરેલો. પરંતુ કંઈ જવાબ ન આપતા શિરીષભાઈએ નીતિનભાઈને કહેલ કે મને મારા ડીપોઝીટના નાણા પરત અપાવશો તો હું તમોને રૂ. ૫૦ હજાર આપીશ.

આ અંગે શિરિષભાઈ પટેલે એ હિંમતનગર એસીબીનો સંપર્ક કરેલ ત્યાર બાદ રંગે હાથ લાંચ લેતા પકડવાનું છટકું ગોઠવ્યું તે મુજબ શુક્રવારના રોજ સાંજે બાયડમાં એસીબી સ્ટાફે જઈને ગોઠવેલ છટકામાં રૂ. ૫૦ હજારની લાંચ લેતા રંગે હાથ ડેપ્યુટી ઈજનેર તરીકે ફરજ બજાવતા નીતિન દેવેન્દ્રભાઈ મહેતા પકડાઈ ગયા હતા.

# ઈડરની સરકારી વિજ્ઞાન કોલેજમાં ગરબા સ્પર્ધા યોજાઈ

ઈડર, તા. ૧૦

સરકારી વિજ્ઞાન કોલેજ ઈડર ખાતે સપ્તધારા અંતર્ગત ગીત-સંગીત નૃત્ય ધારા હેઠળ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાના શુભારંભમાં વડાલી કોલેજના આચાર્ય વિપુલ ભાવસાર હાજર રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે બી.એસ.સી. સેમ.-૩ ની કુ. જ્યોતિ મકવાણા, દ્વિતીય ક્રમાંકે બી.એસ.સી. સેમ.-૩ના સુધન્વા દરજી અને તૃતિય ક્રમાંકે ટી.વાય.બી.એસ.સી.ના દિલિપ લખવરા આવ્યા હતા. જેમને કોલેજના આચાર્ય ડી.પી. પટેલે ઈનામ આપીને પ્રોત્સાહીત કર્યા હતા. આ સાથે સેવા સમુદાય ધારા અંતર્ગત એન.એસ.એસ. દ્વારા કોલેજની પ્રયોગશાળા પટાંગણની સાફ-સફાઈનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કોલેજ પ્રયોગશાળા કેમ્પસની સફાઈ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમોની સફળતા માટે કોલેજના આચાર્યના માર્ગદર્શન હેઠળ, કોલેજના અધ્યાપક ગણ અને સ્ટાફ પરીવારે મહેનત કરી હતી.

# પાલનપુરમાં કોંગ્રેસનું ચૂંટણીલક્ષી સંમેલન યોજાયું

## ગુજરાતની જનતાએ દેશના ભવિષ્યનો ફેંસલો કરવાનો છે : રાશીદ અલ્વી

પાલનપુર, તા. ૧૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ હવે નજીક આવી રહી છે ત્યારે ગુજરાતની જનતાએ ભારત દેશના ભવિષ્યનો ફેંસલો કરવાનો છે. ગુજરાતની ચૂંટણીઓના પરિણામ દેશના ભવિષ્યનો ફેંસલો કરશે. ગુજરાતની ચૂંટણી પરીણામની નજર આખા દેશની નજર હશે. સૌથી મોટી જનતાની અદાલતે દેશના હિતમાં ઈમાનદારી સાથે નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. તેમ કહી કોંગ્રેસના રાજકીય પ્રવક્તા રાશીદ અલ્વીએ આજે પાલનપુર ખાતે કોંગ્રેસના સંમેલનમાં ભાજપ પાસે વેધક સવાલોના જવાબ માંગી જનતાને ગુમરાહ કરવાનું બંધ કરી આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ પર ભ્રષ્ટાચારના આક્ષેપ કરનાર ભાજપના આગેવાનોમાં વડાપ્રધાન બનવા ઝઘડો ચાલે છે ત્યારે આઠ વર્ષ પહેલા કોંગ્રેસ અધ્યક્ષ સોનીયા ગાંધીને સર્વસંમતિથી વડાપ્રધાન બનાવવાનો નિર્ણય લેવાયો છતાં તેમણે કુરબાની આપી વડાપ્રધાન પદ ઠુકરાવી દીધો હતો.

રાશીદ અલ્વીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો કોંગ્રેસ ગુજરાતને યુવા મુખ્યમંત્રી આપશે. કેન્દ્રીય મંત્રી ભરત સોલંકીએ ભાજપ પર આકરા પ્રહારો કરી જણાવેલ કે ૯ ટકાના વિકાસદરની વાતો કરનાર ગુજરાતના મુખ્યમંત્રીને ખબર છે કે ગુજરાતનો વિકાસદર ૬ ટકા થઈ ગયો છે. કોંગ્રેસના ચીમનભાઈ પટેલના શાસનમાં ગુજરાતનો વિકાસદર ૧૭ ટકા હતો. માધવસિંહ સોલંકી સરકારમાં ૧૪ ટકા તથા અમરસિંહ ચૌધરી સરકારમાં ૧૩ ટકા વિકાસ દર ગુજરાતનો હતો. કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં માથાદીઠ આવક પણ વધારે હતી. ગુજરાતમાં ઉત્પન્ન થતી વીજળી ઉદ્યોગપતિઓને વેચી દેવાય છે. જ્યારે ખેડૂતો વીજળી માટે વલખા મારે છે. ટાટાને પશ્ચિમ બંગાળથી મમતાએ કાઢ્યા તો મોદીએ ગુજરાતમાં લઈ આવ્યા. અડધી કેબીનેટને ગુજરાની સાબરમતી જેલમાં જવાનો વારો આવ્યો તેની બીકે ગુજરાતમાં લોકાયુક્તની રાજ્યપાલે નિમણુંક કરતા ભાજપ નેતાઓ કોર્ટમાં ગયા છે. કોંગ્રેસના આજના સંમેલનમાં કોંગ્રેસના મહારાષ્ટ્રના રાજ્યસભાના સભ્ય હુશેન દલવાઈ, પ્રો. પ્રકાશભાઈ, બ.કા.ના સાંસદ મુકેશ ગઢવી, ગોવાભાઈ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સંમેલનને બ.કાં. કોંગ્રેસના પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ તથા તેમના કાર્યકરોએ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# કાટવાડ નજીક લકઝરી બસ વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાટવાડ ગામ નજીક ગુરુવારની રાત્રે લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકનું મોત નીપજેલ અને એકને ઈજા થવા પામી હતી. આ અંગે શુક્રવારના રોજ પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ કાટવાડ નજીક નેશનલ હાઈવે માર્ગ પર ગુરુવારની રાત્રીના ૮ વાગેના સુમારે લકઝરી બસ સિરામિક ઝોનમાં વળી રહેલ એક ટ્રેલર સાથે પાછળ ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં લકઝરી બસમાં મુસાફરી કરી રહેલ ૪૭ વર્ષીય રામપ્રસાદ માંગીલાલ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા જયાં એમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ અંગે પ્રાંતિજ પોલીસ મથકે મુકુન્દસિંહ નારણસિંહ જાટ એ લકઝરીના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજના અતિપ્રાચિન કાલ ભૈરવદાદા મંદિરે હોમ-હવન યોજાશે

પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં પૌરાણિક ભગવાન માર્કન્ડેશ્વર દાદાના મંદિર નજીક અતિ પ્રાચીન કાલ ભૈરવદાદાના મંદિરે વર્ષોથી કરવામાં આવતું હોમહવન આ વર્ષે પણ તા. ૧૨મી નવેમ્બરને શનિવારે રાત્રિના ૯ કલાકે શરૂ થશે જે બાદ ૧૧.૪૫ કલાકે શ્રીફળ હોમની વિધિ થશે. આ ધાર્મિક પ્રસંગે પ્રાંતિજ સહિત આસપાસના વિસ્તારના હજારો ભાવિકો દર્શનાર્થે ઉમટી પડશે અને ભૈરવદાદાની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવશે. ઉપરાંત અંતો ભૈરવજીની ભવ્ય મહાઆરતી યોજાશે તેમ મંદિરના પ્રમુખ નિત્યાનંદ બ્રહ્મભટ્ટે જણાવ્યું છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન